SEAT No.________ No. of Printed Pages : 4

[38]

# SARDAR PATEL UNIVERSITY

## S Y B A EXAMINATION Semester III (N.C)

DAY : Wednesday DATE : 6/01/2021 TIME : 10 A.M. to 12 P.M.

Subject Course Code : UA03IALG03

Subject : ગુજરાતી વિવેચનાત્મક ગુજરાતી સાહિત્ય Marks : ૭૦

નોંધ: જમણી બાજુ લખેલા આંકડા ગુણ દર્શાવે છે.

પ્રશ્ન : ૧) (અ) નીચેનામાંથી કોઈ પણ બે પંક્તિના વિચાર વિસ્તાર કરો. (૨૦)

૧) 'નમતાં થી સૌ કો રીઝે, નમતાંને બહુ માન,સાગરને નદીઓ ભજે છોડી ઊંચાં સ્થાન'

૨) 'સૌંદર્ય શોભે છે શીલથી, ને યૌવન શોભે છે સંયમ વડે'

૩) 'સુંદર ચોઘડિયું જે ક્ષણે સારું કામ સૂઝયું તે જ છે.'

૪) 'સાહિત્ય એ જીવનનું પ્રતીક છે.'

પ્રશ્ન : ૧) (બ) નીચેનામાંથી કોઈ પણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૨૦)

કવિનું કાર્ય રસિક કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિ જે વિચારો અને અનુમાનો ઈષ્ટ હોય તે તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણ રૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃતાંતોનાં એવા આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિદ્ધાંતનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.

--રમણભાઈ નીલકંઠ

અથવા

(PTO)

માન્ય ભાષાના વિષયમાં આપણને એક વાત હંમેશાં મૂંઝવી રહી છે : આપણે સવાસો વર્ષથી લખતાં-વાંચતાં આવ્યાં છીએ તે ભાષા કે એનું ઉચ્ચારણ કરીએ છીએ તે ભાષા ? જો આપણે 'ભાષા' સંજ્ઞા તરફ જોઈશું તો શંકા જ રહેતી નથી કે બોલાય છે તે 'ભાષા' છે; લેખન તો એને નોંધી રાખવાનું-ટપકાવી રાખવાનું જ માત્ર કાર્ય કરે છે. શુદ્ધ માન્ય ભાષા પણ આપણે બોલીએ છીએ તે જ પ્રમાણે લેખનમાં બતાવી શકાતી નથી. બધાં ઉચ્ચારણોને, વજન કે ભારને, અર્થાનુસારી ઉચ્ચ-નીચ સ્વરોચ્ચારણ, અને કેટલાક વ્યંજનોનાં ઉચ્ચારણોને પણ આપણે લેખનમાં ક્યાં બતાવી શકીએ છીએ ? બતાવવું સર્વાંશે શક્ય જ નથી. પછી લેખનમાં પણ વ્યવસ્થા જળવાઈ રહે એ માટે 'જોડણી'ના અમુક નિયમોને આપણે માન્યતા આપી 'એકધારાપણું' જાળવવાની દિશામાં એક શિસ્ત સ્વીકારી છે.

--કે. કા. શાસ્ત્રી

પ્રશ્ન : ૨)(અ) નીચેનામાંથી કોઈ પણ એક પરિચ્છેદનો સારાંશ આપો : (૧૫)

સાહિત્ય-કલા રસનો વિષય છે. અનુભવની વસ્તુ છે. તે ઉપરથી એક જણે એવો પ્રશ્ન કર્યો કે એક કિશોરને સામાન્ય સાહસકથા વાંચતાં આનંદ આવે છે એવો જ આનંદ કાવ્યરસિકને 'શાકુંતલ' કે 'નળાખ્યાન' વાંચતાં નથી આવતો ? આનો ઉત્તર સ્પષ્ટ છે : ના. અહીં વાચકની કોટીનો ભેદ છે, અને તેને અંગે કુતૂહલ અને રસ વચ્ચેનો ભેદ પડે છે. કેવળ કુતૂહલને 'રસ' કહી શકાય ? સાહસકથા વાંચનારું ચિત્ત 'પછી શું થશે' એ જાણવામાં પરોવાયેલું રહે છે. એક છોકરાએ સાદા ભાગાકારની રીત જાણી અને બીજાએ બાઈનોમીયલ થિયરમની ખૂબી ગ્રહણ કરી એ બે સરખું ગણાય ? નાનપણમાં જોડકણાંની અંદર રસ પડે; પણ રુચિતંત્ર કેળવાતાં મોટપણમાં તેમાં રસ પડતો નથી. અહીં પણ પુનઃપુનઃ પઠનનો પ્રયોગ આવશ્યક છે. કિશોરવયમાં વિવેકશક્તિ અપકવ હોય છે; અભ્યાસ અવલોકન અને અનુભવે કરીને તે પક્વ થતાં વાચન કેવળ માહિતીનું સાધન નહિ બનતાં ઉચ્ચ કોટિના રસાનુભવનું વાહન બને છે.

વિજ્ઞાન અને તત્વજ્ઞાનમાં નવું જૂનાને પદભ્રષ્ટ કરીને તેની ઉપર સ્થપાય છે, કેમ કે તેમાં પ્રયોગસિદ્ધ હકીકત સત્ય તરીકે આવે છે. કળામાં બધો જ રસાનુભવ સર્વકાળને માટે સત્ય હોય છે. આ રસાનંદની કક્ષા ઊંચીનીચી હોઈ શકે; પણ તેને કોઈ ભૂંસી શકે નહિ. કોપરનિકસે ટોલેમીને ઢાંકી દીધો એમ કહેવાશે. પણ એ જ અર્થમાં એ પ્રેમાનંદે નરસિંહને ઢાંકી દીધો કે નાનાલાલે નરસિંહરાવને ઢાંકી દીધા એમ કહી શકાશે ?

ડો. ધીરુભાઈ ઠાકર

અથવા

નરસિંહ મહેતા અને મીરાંનાં કોઈ કોઈ ઊર્મિકાવ્યો વિષે આપણે ગુજરાતીઓ એક અવાજે સ્વીકારીશું કે એ 'ઇન્સ્પાયર્ડ' ત્રીજા નેત્રની પ્રસાદી છે. નરસિંહ મહેતા અને મીરાંબાઈ થઈ ગયાં ચારસો-પાંચસો વર્ષ પર, પણ ધર્મપરાયણ એ અનુપ્રાચીન કાલમાં પણ બંનેએ અધર્મીની સામે ટક્કર ઝીલતાં જ જીવવું પડેલું. પ્રાચીન કાળથી આજ દિન લગી ચાલ્યે આવતા ભક્તજનોને ને ઓલિયા ---મુર્શીદના કાફલાનાં એ મુસાફરોનો હતો ભક્તિયોગ સાચો ઈલ્મ અને રૂઢિગ્રસ્ત સમાજ સાથેનો અસહયોગ એ હતું પ્રત્યેકનું સાચું શૂરાતન. મહેતા મુત્સદ્દીનાં પૌત્ર હતા તેથી અને મીરાં ભક્તની પૌત્રી છતાં ભગવાન સાથેનું ઉભયનું અહોરાત્રનું તાદાત્મ્ય દુનિયાડાહ્યાંથી ન ખમાયું : એટલે દુનિયાએ એકને કારાગ્રહે પૂર્યો અને બીજીને નિજ ધામેથી હિજરત કરવાની ફરજ પાડી. એ કસોટીઓએ અદેખાઈના કથીરને કુંદન ઠરાવ્યું : જગતને એથી બે ઉત્કૃષ્ટ પ્રભુમય જીવન મળ્યાં અને ગુજરાતીને એની સાચી શોભારૂપ કેટલીક ઉત્તમોત્તમ કવિતા મળી--- "અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ" જેવી કે " મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા....." જેવી.

**પ્રશ્ન : ૨(બ) નીચેનામાંથી કોઈ પણ એક કવિતાનો રસલક્ષી આસ્વાદ કરાવો :** **(૧૫)**

હેમન્તનો શેડકઢો તડકો સવારનો
પીતાં હતાં પુષ્પ.
પીતાં હતાં ઘાસતૃણો
હીરાકણીશાં હિમચક્ષુએ મૃદુ
અબોલ હૈયા ચમકે કહી રહ્યાં :

છે ક્યાંય ગ્લાનિ
કે લાગણીની અસંતોષ--અતિતોષ--મ્લાનિ?
ડોકું હલાવી રહી સંમતિમાં
પુષ્પો ફોરે સૌરભ પ્રશ્ન મૂક :
પૃથ્વી-જાયાં તોય પ્રસન્ન શાં અમે!
કેમ છો તમે?
સરી ગયો બાગ થકી ત્વરા-ભર્યો,
પૂઠે રહું અનુભવી, નવ હોય જાણે
ભોંકાતી શું સ્વર્ગજાસૂસ પુષ્પો
કેરી આંખો.

--- ઉમાશંકર જોશી

[P.T.O.]

<u>અથવા</u>

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં
પ્હાડોનાં હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓનાં નીર
છાતીમાં બુલબુલનો માળો ને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર
રોમ રોમ ફરકે છે ઘાસમાં
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં
સૂરજનો રંગ મારાં પાંદડાં પીયે ને
પિયે માટીની ગંધ મારાં મૂળ
અર્ધું તે અંગ મારૂં પીળાં પતંગિયાં ને
અર્ધું તે તમરાંનું કુળ,
થોડો અંધારે, થોડો ઉજાસમાં
થોડો ધરતીમાં, થોડો આકાશમાં
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં

--- જયંત પાઠક